# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **વિધાનસભાના ચોમાસુ સત્રના આજના છેલ્લા દિવસે ત્રણ સરકારી વિધેયક અને કેગનો અહેવાલ રજૂ થશે.**
2. **સરકારના છ વિભાગોના 11 કાયદાઓ - અધિનિયમોની 516 જેટલી જોગવાઈઓમાં સુધારાઓ સાથેનું ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા વિધેયક)-૨૦૨૫ ગૃહમાં પસાર**
3. **નેપાળમાં ફસાયેલા ગુજરાતના નાગરિકોને સલામત પરત લાવવા સરકાર દ્વારા પ્રયાસો, હેલ્પલાઇન નંબર જાહેર કરાયો.**
4. **રાજ્યમાં પડેલા અનારાધાર વરસાદના વિરામ વચ્ચે બનાસકાંઠામાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય.**
5. **અમદાવાદમાં યોજાનારી અગિયારમી એશિયન એકવાટિક ચેમ્પિયનશિપની વેબસાઇટ અને જર્સી લોંચ કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી.**
6. **નેશનલ જુનિયર બાસ્કેટબોલ સ્પર્ધામાં રાજ્યની મહિલા ખેલાડીઓએ રજત ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VIDHANSABHA LAST DAY

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજના છેલ્લા દિવસે ત્રણ સરકારી વિધેયકો રજૂ કરાશે. તારાંકિત પ્રશ્નોના સંબધિત વિભાગોના મંત્રીઓ દ્વારા જવાબ આપવાથી સવારે નવ વાગે ગૃહની કામગીરી આરંભાશે. જ્યારે વિવિધ વિભાગોના વાર્ષિક અહેવાલો પણ રજૂ કરાશે તેમજ આજે કેગનો રિપોર્ટ પણ ગૃહમાં રજૂ કરાશે. જ્યારે છેલ્લા દિવસનો પ્રસ્તાવ ગૃહમાં રજૂ થશે.

---

# JAN VISHWAS VIDHEYAK PASSED

15મી ગુજરાત વિધાનસભાનાં સાતમાં સત્રના બીજા દિવસે ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક-2025 વિધાનગૃહમાં ગઇકાલે પસાર થયું છે.

ગૃહમાં પસાર થયેલું આ જનવિશ્વાસ ( જોગવાઈઓના સુધારા) વિધેયક-2025 રાજ્યમાં કાયદા પાલનને સરળ બનાવીને - ડિજિટાઇઝ્ડ કરીને તેમજ સુયોગ્ય રીતે બદલાવ લાવીને વ્યાપાર સરળતા સાથે જીવન જીવવાની સરળતામાં પણ વધારો કરનારું વિધેયક બનશે. ન્યાયતંત્ર પરનું ભારણ ઘટાડવામાં પણ ઉપયુક્ત બનશે તેવી ગૃહમાં આશા વ્યક્ત કરવામા આવી હતી.

મંત્રી બળવંતસિંહ રાજપૂતે આ જનવિશ્વાસ ( જોગવાઈઓના સુધારા) વિધેયક-૨૦૨૫ ગૃહમાં રજૂ કર્યું હતું.

રાજ્ય સરકારના 6 વિભાગોના 11 કાયદાઓ-નિયમો હેઠળની 516 જોગવાઈઓને અપરાધમુક્ત ડિક્રિમિનલાઈઝ્ડ કરવાનો આ વિધેયકનો હેતુ છે.

આ વિધેયકમાં કાયદાઓ અને નિયમોમાં સૂચવાયેલા સુધારાઓમાં નાની ભૂલો માટે શક્ય હોય ત્યાં કેદની સજા દૂર કરવામાં આવી છે અને કે દંડને બદલે નાણાંકીય પેનલ્ટીની જોગવાઈઓ કરવામાં આવી છે.

---

## GST REVIEW -DILIP SANGHANI

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં વસ્તુ અને સેવા કર-**GST** દરમાં સુધારા કરવામાં આવ્યા છે. તે અંતર્ગત કૃષિ વિષયક પેદાશો, જેમ કે ટ્રેક્ટર, ખેતી, બાગાયતી અથવા વનીકરણ મશીનરી, લણણી અથવા થ્રેશિંગ મશીનરી, ઘાસ કાપવાના મશીનો, ખાતર બનાવવાના મશીનો વગેરેનો સમાવેશ થાય છે, આ તમામ વસ્તુઓ પર **GST 12** ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે. જેને સહકારી સંસ્થાઓ દ્વારા પણ આવકાર મળી રહ્યો છે.

આ અંગે ઇફકોના અધ્યક્ષ દિલિપ સંઘાણીએ ખેડૂતોને આ સુધારાથી ઘણો લાભ થશે તેમ જણાવ્યુ.

**(બાઇટ – દિલિપ સંઘાણી, અધ્યક્ષ IFFCO)**

---

## CM TWEET

નેપાળની સ્થિતી ચિંતાજનક છે, ત્યારે ત્યા ગયેલા ગુજરાતી લોકોને સલામત પરત લાવવાના પ્રયાસ હાથ ધરાયા છે. જે અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટ **X**ના માધ્યમથી કહ્યું કે, નેપાળમાં રાજકીય અસ્થિરતા અને હિંસાની ઘટનાઓમાં ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓના સુરક્ષિત

પરત ફરવા સંદર્ભે ગુજરાતનું વહીવટીતંત્ર ભારતના વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્કમાં છે.

આ અંગે રાજ્યના અધિકારીઓને મેં જરૂરી દિશાનિર્દેશ આપ્યા છે. ફસાયેલા નાગરિકોની સહાય માટે રાજ્ય સરકારે હેલ્પ લાઇન નંબર પણ જાહેર કર્યો છે. ભારતના નાગરિકોને કોઈપણ પ્રકારની ઈમર્જન્સીની પરિસ્થિતિમાં કે કોઈ મદદની જરૂર હોય તેવા કિસ્સામાં કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસના નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

**જે નંબર આ મુજબ છે +977 – 980 860 2881, +977 – 981 032 6134**

---

## BANASKANTHA RELIEF AND RESCUE

પૂરગ્રસ્ત સુઈગામ-ભાભર-વાવ-થરાદમાં વરસાદી અસર બાદ રાહત-બચાવ કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. બનાસકાંઠા કલેકટરે સુઈગામના 12 ગામનો વહીવટી તંત્ર દ્વારા સંપર્ક સ્થાપિત કરાયો છે તેમજ જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરાઈ છે. નડાબેટ ઝીરો પોઇન્ટ માર્ગ પર તૂટેલા નાળાનું નિરીક્ષણ કરી તાકીદના સૂચન આપવામાં આવ્યાં છે.

વહીવટી તંત્ર, NDRF અને SDRFની સંયુક્ત કામગીરી થકી એક હજાર 700 થી વધુ લોકોને સફળતાપૂર્વક સ્થળાંતર કરી લેવાયા છે અને સ્થિતિ સામાન્ય બની રહી છે. જરૂરિયાત મંદ લોકો માટે દોઢ લાખ ફૂડ પેકેટ અને એક લાખ પાણીની બોટલનું વિતરણ કરાયુ હતુ. આજે વધુ એક લાખ ફૂડ પેકેટ અને એક લાખ પાણીની બોટલનું વિતરણ કરાશે તેમ કલેક્ટર મિહીર પટેલે જણાવ્યું હતું.

# બાઇટ- મિહિર પટેલ , બનાસકાંઠા, કલેકટર

---

## PATAN TWO YOUTH DEATH

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં ગઇકાલે બે અલગ અલગ ડૂબવાની ઘટનામાં નળીયા ગામ નજીકથી પસાર થતી ખારી નદીમાં નાહવા ગયેલા **12** યુવકો અચાનક પાણીનો પ્રવાહ વધતા ડૂબવા લાગ્યા હતા. જેમાંથી બે યુવકોના મોત નીપજ્યા છે જ્યારે છ નો બચાવ થયો છે અને અન્ય ચાર યુવકો લાપતા છે.

આ ઉપરાંત સાંતલપુરના રણમલપુર ગામ પાસેથી પસાર થતી નદીમાં પણ ત્રણ યુવાનો ડૂબ્યા હતા. જેમાંથી એક લાપત્તા બન્યો છે જ્યારે બે નો બચાવ થયો છે.

બનાવ અંગે જાણ થતાં પોલીસ અને તાલુકાનું વહીવટી તંત્ર ઘટના સ્થળે દોડી ગયું હતું અને બચાવ અને શોધખોળની કામગીરી હાથ ધરી હતી. એસડીઆરએફ ની ટીમ દ્વારા વ્યાપક શોધખોળ હાથ ધરાઈ હતી જેમાં એક યુવકની લાશ મળી છે જ્યારે ત્રણ લોકો લાપતા હોવાનું જાણવા મળેલ છે. મોડી સાંજે સૂર્યપ્રકાશ ઓછો થતાં અંધારાના કારણે શોધખોળ બંધ કરવાની ફરજ પડી છે.

---

## WEATHER FORCAST

રાજયમાં વરસાદનું જોર ઘટ્યું છે , ત્યારે છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 6 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો. સૌથી વધુ કચ્છ જિલ્લાના નખત્રાણામાં 1 ઇંચથી વધુ વરસાદ વરસ્યાના અહેવાલ છે.

જ્યારે હવામાન વિભાગ દ્વારા આગામી 15 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે 24 કલાક દરમિયાન કચ્છમાં ભારે વરસાદની પણ આગાહી છે.

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો માટે , 45થી 55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની જે વધીને 65 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ .કે. દાસ વધુ માહિતી આપી.

**(બાઇટ - A.K.DAS –નિયામક –હવામાન વિભાગ )**

---

## 11TH AQUATICS CHAMPIONSHIP

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ માટે યજમાન બનવું એ ગૌરવની વાત છે – આગામી 28 ઓક્ટોબરથી અમદાવાદનાં યજમાનપદે યોજાનાર 11 મી એશિયન અક્વાટિક્સ ચેમ્પિયનશિપ-2025 સ્પર્ધાની જર્સીનું ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કર્યું હતું.

ગાંધીનગર ખાતે યોજાયેલ અનાવરણ કાર્યક્રમમાં શ્રી સંઘવીએ કહ્યું કે, ભારતના એથલિટ્સે વિવિધ આંતર રાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સમાં દેશનું ગૌરવ વધાર્યું છે અને વિશ્વ મંચ પર ભારતનો તિરંગો લહેરાવ્યો છે. શ્રી સંઘવી જણાવ્યુ કે આગામી 'એશિયન ગેમ્સ 2026'માં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા ભારતની ટીમમાં શ્રેષ્ઠ ખેલાડીઓને મોકલવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિશ્ચય છે.

**(બાઇટ –હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી )**

---

# BASKET BALL – SILVER MEDAL

**નેશનલ જુનિયર બાસ્કેટબોલ સ્પર્ધામાં રાજ્યની મહિલા ખેલાડીઓએ રજત ચંદ્રક જીતીને ઈતિહાસ રચ્યો છે. પંજાબના લુધિયાના ખાતે રમાયેલી 75 મી જૂનિયર રાષ્ટ્રીય બાસ્કેટબોલ ચેમ્પિયનશિપની ફાઇનલમાં તામિલનાડુની ટીમ સામે 85-100 પોઈન્ટ સાથે ઐતિહાસિક જીત હાંસલ કરી છે. ગુજરાત તરફથી આરચી પટેલે 32 , કેપ્ટન આહના જ્યોર્જે 24 અને નિયતિબા ગોહિલે 15 પોઇંટ્સ નોંધાવ્યા.**

---